(150) No. of printed pages: 2

**SARDAR PATEL UNIVERSITY**
**MA III Semester Examination**
**Tuesday, 4 December 2012**
**2.30 - 5.30 pm**
**PA03EGUJ01 : Gujarati - Paper E 1**
**Gujarati Comparative Literature**

**કુલ ગુણઃ ૭૦**

પ્ર.૧ યોગ્ય વિકલ્પ વડે નીચેના પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં લખો. દરેક પ્રશ્નનો એક ગુણ છે. (૧૦)

(૧) હમ ન પાપ કરતે હૈ ઔર ન પુણ્ય કરતે હૈ, હમ કેવલ વહ કરતે હૈ જો હમેં કરના પડતા હૈ.
આ કોની ઉક્તિ છે ?
(ક) બીજગુપ્ત (ખ) કુમારગિરિ
(ગ) ચિત્રલેખા (ઘ) ત્રણમાંથી કોઇની નહીં

(૨) આપેલી માહિતી સંદર્ભે કયું વિધાન સાચું છે કે ખોટું તે જણાવો.
વિધાન અ :કુમારગિરિના શિષ્યનું નામ મધુપાલ હતું.
વિધાન બ : ચંદ્રગુપ્તના મહાઅમાત્યનું નામ ચાણકય હતું.
(ક) વિધાન અ સાચું છે. વિધાન બ સાચું છે.
(ખ) વિધાન અ સાચું છે. વિધાન બ ખોટું છે.
(ગ) વિધાન અ ખોટું છે. વિધાન બ સાચું છે.
(ઘ) વિધાન અ ખોટું છે. વિધાન બ ખોટું છે.

(૩) તુલનાત્મક સાહિત્યપદમાં કોઇ અર્થાન્વય (Sense) કે વાકયાન્વય (Syntax) નથી આવું મંતવ્ય ધરાવનાર વિદ્વાનનું નામ શું છે ?
(ક) રેને વેલેક (ખ) હેનરી રિમાક
(ગ) જહોન ફ્લેચર (ઘ) લેન કૂપર

(૪) ભારતમાં વિશ્વસાહિત્યની વિભાવના સંભવતઃ કોના દ્વારા પુરસ્કૃત થઇ ?
(ક) ગેટે (ખ) બુદ્ધદેવ બસુ
(ગ) રવીન્દ્રનાથ ટાગોર (ઘ) શ્રી અરવિન્દ

(૫) ચિત્રલેખા નવલકથાના અનુવાદકનું નામ જણાવો.
(ક) હરજીવન સોમૈયા (ખ) ભોળાભાઇ પટેલ
(ઘ) કિશનસિંહ ચાવડા (ઘ) કિશોરસિંહ સોલંકી

(૬) અ અને બ જોડો.

| અ | બ |
|---|---|
| (ક) સંતાત્મા | (૧) અલ્વીના |
| (ખ) બંસરીબાલા | (૨) થૈયસ |
| (ગ) પૂજ્ય મા | (૩) પાલમ |
| (ઘ) ધર્મપિતા | (૪) અહમેસ |

(૭) થૈયસને ખ્રિસ્તી ધર્મની સૌ પ્રથમ દીક્ષા કોના દ્વારા પ્રાપ્ત થઇ હતી ?
(ક) પાપનશ્યસ (ખ) અલ્વીના
(ગ) અહમેસ (ઘ) એન્ટોની

(૮) આપેલી માહિતી સંદર્ભે કયું વિધાન સાચું કે ખોટું છે, તે જણાવો.
વિધાન અ :બીજગુપ્તનું માનવું હતું કે 'મનુષ્ય કયારેય વાસ્તવમાં વૈરાગી નથી થઇ શકતો. વૈરાગ એ તો મૃત્યુનું દ્યોતક છે.
વિધાન બ : યશોધરાના પિતાનું નામ મૃત્યુંજય હતું. તે રત્નાંબરના શિષ્ય હતા.
(ક) વિધાન અ સાચું છે. વિધાન બ સાચું છે.
(ખ) વિધાન અ સાચું છે. વિધાન બ ખોટું છે.
(ગ) વિધાન અ ખોટું છે. વિધાન બ સાચું છે.
(ઘ) વિધાન અ ખોટું છે. વિધાન બ ખોટું છે.

(૯) 'જલાવી દે મારા દેહમાંસને, સૂકાવી દે મારી શિરાઓમાં વહેતા રકતને, ભાંગી નાખ મારાં અસ્થિમજ્જાને, પણ એક વસ્તુનો મારામાંથી તું નાશ નહિ કરી શકે- એની સ્મૃતિ. એ સ્મૃતિ, જે મને સદાકાલ સુગંધિત અને મુદિત બનાવી રાખે છે !' આ ઉક્તિ કોની છે ?
(ક) અહમેસ (ખ) થેયસ
(ગ) પાપનશ્યસ (ઘ) નિસિયસ

(૧૦) અસંગત વિગતજૂત અલગ તારવો.
(ક) પિકોઇસ, રુસો, તુલનાત્મક સાહિત્યની વ્યાખ્યા
(ખ) ગૅટે, પોસનેટ, વિશ્વસાહિત્યની વિભાવના
(ગ) એલ્ડ્રિજ, લેનકૂપર, રાષ્ટ્રીય સાહિત્યની વિભાવના
(ઘ) ભોળાભાઇ પટેલ, ધીરુ પરીખ, તુલનાત્મક સાહિત્યના વિદ્વાનો

પ્ર.૨ તુલનાત્મક સાહિત્યની જુદા જુદા વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓની ચર્ચા કરી એનાં લક્ષણો જણાવો. (૧૫)

**અથવા**

પ્ર.૨ બન્ને વિષયો પર ટૂંકનોંધ લખો.
(ક) તુલનાત્મક સાહિત્યનો ફ્રેન્ચ અભિગમ
(ખ) તુલનાત્મક સાહિત્યનો અમેરિકન અભિગમ

પ્ર.૩ **ગમે તે બે** વિષય પર ટૂંકનોંધ લખો. (૧૫)
(ક) ભારતીય સાહિત્ય (ખ) વિશ્વ સાહિત્ય
(ગ) રાષ્ટ્રીય સાહિત્ય (ઘ) વ્યાપક સાહિત્ય-તુલનાત્મક સાહિત્ય

પ્ર.૪ ચિત્રલેખા અને થેયસ નવલકથામાં આલેખાયેલા માનવસંબંધોની તુલના કરો. (૧૫)

**અથવા**

પ્ર.૪ ચિત્રલેખા અને થેયસ નવલકથાની પાત્રસૃષ્ટિની તુલના કરો.

પ્ર.૫ **ગમે તે બે** વિષય અંગે ટૂંકનોંધ લખો. (૧૫)
(ક) ચિત્રલેખા અને થેયસ નવકલથાઓનો અંત
(ખ) ચિત્રલેખા અને થેયસ નવકલથાઓનો સમય અને પરિવેશ
(ગ) ચિત્રલેખા અને થેયસ નવલકથાઓમાં સંઘર્ષ
(ઘ) થેયસ અને ચિત્રલેખા નવલકથામાં આલેખાયેલું ચિંતન

@ @ @